ન્યૂઝ બ્રિફ

'કટપ્પા'ની પુત્રી દિવ્યાએ અભદ્ર ટિપ્પણી બદલ 1 કરોડનો માનહાનિનો કેસ કર્યો

ચેન્નાઈ | 'બાહુબલી'ના 'કટપ્પા' એટલે કે અભિનેતા સત્યરાજની પુત્રી દિવ્યા સત્યરાજે તમિલ અભિનેતા બાયિલવન રંગનાથન અને એક યુટ્યુબ ચેનલ વિરુદ્ધ 1 કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો છે. દિવ્યાએ એક ઇન્ટરવ્યુમાં લગ્ન અને કુંડળી અંગે પોતાના અંગત વિચારો રજૂ કર્યા હતા, જેના પર રંગનાથને કથિત રીતે અભદ્ર ટિપ્પણી કરી હતી. દિવ્યાનો આરોપ છે કે આ ટિપ્પણીઓથી તેમની સામાજિક પ્રતિષ્ઠાને મોટું નુકસાન પહોંચ્યું છે.



યુએઈ: બોસે કર્મચારીઓને મીટિંગમાં બોલાવી આઈફોન ગિફ્ટમાં આપ્યો

દુબઈ |યુએઈની એક કંપનીના બોસ દ્વારા કર્મચારીઓને અનોખી રીતે આઈફોન ગિફ્ટ કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. 'વર્લ્ડ સ્ટાર મેનપાવર' કંપનીના ફાઉન્ડર નિષાદ હુસૈન અને મેનેજિંગ ડિરેક્ટર હસીના નિષાદે મીટિંગ રૂમમાં કર્મચારીઓ માટે ગિફ્ટ બોક્સ રાખ્યા હતા. શરૂઆતમાં કેટલાક કર્મચારીઓને આઈફોન મળ્યા અને કેટલાકને માત્ર ચોકલેટ મળી હતી. જોકે, બાદમાં હસીના નિષાદે સરપ્રાઈઝ આપતા ચોકલેટ મેળવનાર કર્મચારીઓને પણ આઈફોન ગિફ્ટ કર્યા હતા.

'અગલે બરસ જલ્દી આ..' નારા સાથે વિદાય લેતા બાપ્પા



હૈદરાબાદ | હૈદરાબાદમાં ગણેશ ચતુર્થી ઉત્સવના અંતિમ દિવસે હજારો ભક્તોની હાજરીમાં ખૈરાતાબાદના પ્રખ્યાત પંચમુખ શંકટહર મહાગણપતિની વિશાળ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શુક્રવારના રોજ ઉત્સાહભેર નીકળેલી શોભાયાત્રા બાદ, હુસૈન સાગર તળાવ ખાતે ક્રેનની મદદથી આ ગગનચુંબી મૂર્તિનું વિસર્જન કરાયું હતું. આ ભવ્ય નજારાને જોવા અને 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નારા લગાવવા માટે રસ્તાઓ પર જનમેદની ઉમટી પડી હતી.

ગ્લોબલ રેકોર્ડ: ટોપ-5 લિસ્ટમાં નામ સામેલ

દુનિયાની ચોથી સૌથી લોકપ્રિય એથ્લીટ પાર્ટનર બની અનુષ્કા!

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ



બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માએ વૈશ્વિક સ્તરે એક નવો રેકોર્ડ બનાવીને ભારતનું નામ રોશન કર્યું છે. સોશિયલ મીડિયા પર દુનિયાની સૌથી વધુ ફોલો કરવામાં આવતી એથ્લીટ પાર્ટનર્સની વૈશ્વિક યાદીમાં અનુષ્કા શર્માએ ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પ્રતિષ્ઠિત લિસ્ટમાં ટોપ-5માં સ્થાન મેળવનારી તે એકમાત્ર ભારતીય મહિલા છે.

વિરાટ કોહલીની પત્ની હોવાની સાથે-સાથે અનુષ્કાની બોલિવૂડમાં પોતાની એક મજબૂત ઓળખ અને સફળ કરિયર છે. વાંટિક્સ દ્વારા જારી રીપોર્ટમાં વિશ્વભરની મનોરંજન, સંગીત, ફેશન અને રમતગમત જગતની 22 પ્રખ્યાત મહિલાને સ્થાન અપાયું છે. આ તમામ મહિલાઓની સંયુક્ત સોશિયલ મીડિયા પહોંચ અંદાજે 1.21 અબજ ફોલોઅર્સ સુધી પહોંચે છે. આ વૈશ્વિક યાદીમાં ક્રિકેટ જગત સાથે જોડાયેલી અનુષ્કા શર્મા એકમાત્ર મહિલા છે, જ્યારે સૌથી વધુ 11 મહિલા ફૂટબોલ રમત સાથે જોડાયેલી છે.

યાદીના ટોપ-5 સેલિબ્રિટીઝ આ મુજબ છે

1. **કિમ કાર્દશિયનઃ** 34.3 કરોડ ફોલોઅર્સ સાથે પ્રથમ સ્થાને (લુઈસ હેમિલ્ટનની પાર્ટનર)
2. **ટેલર સ્વિફ્ટઃ** 27.2 કરોડ ફોલોઅર્સ સાથે બીજા સ્થાને.
3. **જોર્જિના રોડ્રિગેઝઃ** 7.83 કરોડ ફોલોઅર્સ સાથે ત્રીજા સ્થાને (ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પત્ની)
4. **અનુષ્કા શર્માઃ** 6.73 કરોડ ફોલોઅર્સ સાથે ચોથા સ્થાને.
5. **વર્જિનિયા ફોન્સેકાઃ** 5.65 કરોડ ફોલોઅર્સ સાથે પાંચમા સ્થાને (ફુટબોલર વિનિસિયસની પાર્ટનર).

મેનેજમેન્ટ ફંડા



એન. રઘુરામન
મેનેજમેન્ટ ગુરુ, [raghu@dbcorp.in]

હેલ્ધી એજિંગ માટે 'હેલ્ધી ડાઈટ' જરૂરી, 'સિંગલ બેસ્ટ ડાઈટ' નહીં

કેટલાક મહિનાઓ પહેલા મારા બ્લડ ટેસ્ટમાં થોડી ગડબડ આવ્યા પછી હોસ્પિટલમાં એક 'જ્ઞાની' વ્યક્તિએ મને કહ્યું કે 'કારણ કે તમે સાઉથ ઈન્ડિયન છો તો તમે લોકો ખૂબ ચોખા ખાતા હશો. જો તમે ઘઉં ખાવાનું શરૂ કરી દો તો તમારી મેડિકલ સમસ્યાઓ લગભગ દૂર થઈ જશે.' ત્યારબાદ મને સ્વસ્થ આહાર યોજનાના ઓછામાં ઓછા 24 સૂચનો મળી ચૂક્યા છે. આમાંથી દરેકમાં મુખ્યત્વે દર્શાવેલી ખાવાની વસ્તુઓને લઈને થોડો-ઘણો તફાવત હતો.

આ તમામ સલાહોને પરખવાની મારી શોધ 29 ઓગસ્ટે યુકેના સાયન્ટિફિક જર્નલ 'નેચર કમ્યુનિકેશન્સ'માં પ્રકાશિત તાજેતરના અભ્યાસ પર જઈને પૂરી થઈ. જર્મન રિસર્ચર્સના આ અભ્યાસમાં સરેરાશ 56 વર્ષની ઉંમર ધરાવતા 7500 વયસ્કોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમના પર 10 અલગ-અલગ હેલ્ધી ડાઈટ પેટર્નનું પરીક્ષણ કરવામાં આવ્યું. ભલે અલગ-અલગ આહારે ડીએનએ પર બિલકુલ અલગ પ્રકારના કેમિકલ 'ફિંગરપ્રિન્ટ' છોડ્યા, પરંતુ અંતે આ તમામે એ જ સેલ્યુલર પાથ-વેને સક્રિય કર્યા, જે ઈન્ફ્લેમેશન ઘટાડવા અને મેટાબોલિઝમને પ્રોટેક્ટ કરવા સાથે જોડાયેલા હતા. 'હેલ્ધી ડાઈટ પેટર્ન'માં ભિન્નતા હોવા છતાં આ તમામે એ જ બાયોલોજિકલ પાથ-વેને પ્રભાવિત કર્યા, જે આ વાત સાથે સંબંધિત હતા કે કોષો એકબીજા સાથે કેવી રીતે કોમ્યુનિકેટ કરે છે, વૃદ્ધિ પામે છે, કામ કરે છે અને પોતાને જાળવી રાખે છે.

રિસર્ચર્સે શોધ્યું કે કોઈ પણ હેલ્ધી ડાઈટ પેટર્નને અપનાવવાનો સંબંધ બાયોલોજિકલ એજિંગની ઝડપને ધીમી કરવા સાથે હતો. આનાથી વિપરીત, રિસર્ચ એ પણ કહે છે કે અનહેલ્ધી અને ઈન્ફ્લેમેટરી આહાર પેટર્ન વધારે અપનાવવી બાયોલોજિકલ એજિંગને ઝડપી બનાવવા સાથે જોડાયેલી હતી.

આ રિસર્ચ પેપરનો નિષ્કર્ષ એ છે કે શ્રેષ્ઠ રીતે ખાવાનો માત્ર એક જ સૌથી સારો રસ્તો નથી. એવું લાગે છે કે ઘણી બધી હેલ્ધી પેટર્ન છે, જે ખાવાના અલગ-અલગ કોમ્બિનેશન પર ભાર મૂકે છે અને હેલ્ધી એજિંગને સપોર્ટ કરે છે.

આ વિગતવાર રિસર્ચે મારું ધ્યાન એટલા માટે ખેંચ્યું, કારણ કે મારા ઘરમાં આના બે જીવંત ઉદાહરણો છે. મારા બે પેટ્સ- ચીકુ અને ચિની. પહેલી જ્યાં 'ખાવા માટે જીવે છે', તો બીજી 'જીવવા માટે ખાય છે.' બંને એક જ માતાના સંતાન છે અને 15મા વર્ષમાં છે. હવે સવાલ એ છે કે એક માતાના જ હોવા છતાં એકને ખાવાનું આટલું કેમ પસંદ છે અને બીજી આટલી સાવચેતીથી કેમ ખાય છે. પ્રેગ્નન્સી દરમિયાન આ બંનેની માતાની સંભાળ રાખનાર પશુ ચિકિત્સકના જણાવ્યા અનુસાર ચિની સૌથી પહેલા જન્મી હતી અને ગર્ભમાં રહેતી વખતે તેને ખોરાક મેળવવા માટે વધુ મહેનત નહોતી કરવી પડી. જ્યારે ચીકુ એ જ માતાનું છઠ્ઠું સંતાન હતી અને તેને પોતાના હિસ્સાનો ખોરાક મેળવવા માટે વધુ મહેનત કરવી પડી હતી. આજે 15 વર્ષ પછી ચિનીની સરખામણીમાં ચીકુને ડાયાબિટીસ સહિત ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ છે, જ્યારે ચિની ભાગ્યે જ ક્યારેય પશુ ચિકિત્સક પાસે જાય છે. લાગે છે કે 'અમે જેવું ખાઈએ છીએ, તેવા જ બનીએ છીએ' વાળો નિયમ તમામ જીવો પર લાગુ પડે છે.

વ્યક્તિગત રીતે મારા માટે આનો અર્થ એ છે કે મારે ખાવા, કામ કરવા અને જીવવાનો એ જ રસ્તો અપનાવવો જોઈએ, જે મારા નાનાજીએ 96 વર્ષની ઉંમર સુધી અપનાવ્યો હતો. આપણી ખાવાની ટેવો પણ પૂર્વજો ખાતા હતા. અને વર્ક-આઉટની રીત પણ તેમના જેવી જ હોવી જોઈએ. જેમ કે, 80ની ઉંમરે પણ કૂવામાંથી પાણી ખેંચીને પોતાના કપડાં ધોવા. કારણ કે આપણને તેમનું ડીએનએ વારસામાં મળ્યું છે, તો મારું માનવું છે કે બને તેટલું આપણે તેમની જીવનશૈલીની નજીક રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે શું વિચારો છો, પ્લીઝ મને લખજો.

ફંડા એ છે કે, આ બાબતે કોઈ મેજિક ફોર્મ્યુલા નથી. ફ્લેક્સિબિલિટી અને લોન્જેવિટી માટે સમાન બાબત એ છે કે હોલ-ફૂડ્સ, સ્વસ્થ ફેટ્સ અને છોડમાંથી મળતો ખોરાક ખાઓ. પ્રોસેસ્ડ ફૂડ્સ અને એડેડ શુગરથી અંતર જાળવો. જ્યાં સુધી તમે સ્વસ્થ ખોરાક ખાતા રહેશો.

એન્કાઉન્ટરમાં ઠાર મરાયેલા આરોપીની દીકરીઓ માટે SPએ પગાર દાન કર્યો

ભાસ્કર ન્યૂઝ | લખનઉ

ઉત્તર પ્રદેશમાં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા કુખ્યાત આરોપી અરવિંદ સિંહની બે નાની પુત્રી નિરાધાર ન બને તે માટે આઝમગઢ પોલીસ પ્રશાસન આગળ આવ્યું છે. આઝમગઢના પોલીસ સુપરિટેન્ડેન્ટ ડૉ. અનિલ કુમારે ઉમદા ઉદાહરણ પૂરું પાડતા બાળકીઓના આર્થિક સંતોષ અને શિક્ષણ માટે પોતાના આખા એક મહિનાનો પગાર દાન કરવાની જાહેરાત કરી છે. એટલું જ નહીં, જિલ્લાના આશરે 5,000 જેટલા પોલીસકર્મીને પણ આ પુણ્યના કામમાં સ્વેચ્છાએ પોતાના એક દિવસનો પગાર આપવા માટે અપીલ કરવામાં આવી છે.

પોલીસ પ્રશાસન દ્વારા ઘડવામાં આવેલી સુઆયોજિત યોજના મુજબ, સ્વેચ્છાએ એકત્રિત કરવામાં આવેલું આ ભંડોળ બાળકીઓના નામે બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે જમા કરવામાં આવશે. જ્યારે આ બાળકીઓ 18 વર્ષની ઉંમર પૂર્ણ કરશે, ત્યારે આ રકમ તેમની ઉચ્ચ શિક્ષા, કારકિર્દી અને ઉજ્જવળ ભવિષ્યની અન્ય જરૂરિયાતો માટે ઉપયોગમાં લઈ શકાશે.

પ્રસાદ સાથે બળદ ગળી ગયો 3 તોલાનું મંગળસૂત્ર, અંતે સર્જરી કરી બહાર કાઢ્યું

માલેગાંવ | મહારાષ્ટ્રના માલેગાંવના વનપત ગામમાં અનોખી ઘટના સામે આવી છે, જ્યાં બળદપોલાના તહેવાર દરમિયાન એક બળદે અંદાજે ત્રણ તોલા (30 ગ્રામ) સોનાનું મંગળસૂત્ર ગળી લીધું હતું. પૂજા દરમિયાન ખેડૂત શિવાજી બોરસેએ નૈવેદ્યની થાળીમાં આ સોનાનું મંગળસૂત્ર મૂક્યું હતું, જે પ્રસાદની સાથે બળદે ગળી લીધું હતું.

ખેડૂત પાસે બે બળદ હોવાથી કયા બળદે મંગળસૂત્ર ગળ્યું છે તે જાણવા માટે તેઓ ચાલીસગાંવની સરકારી પશુ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં ડોક્ટરોએ એક્સ-રે ટેકનોલોજીની મદદથી મંગળસૂત્ર ગળનાર બળદની ઓળખ કરી હતી. અંતે 15 દિવસની દેખરેખ બાદ, ડોક્ટરોની ટીમે બળદની સફળ સર્જરી કરી તેના પેટમાંથી સોનાનું મંગળસૂત્ર સુરક્ષિત બહાર કાઢ્યું હતું.



મંગળસૂત્ર સાથે બળદના પેટમાંથી બે ટેનિસ બોલ જેવી પ્લાસ્ટિકની બોલ, નાયલોનનો વાયર અને બે સિક્કા પણ મળી આવ્યા હતા.

જુહુ સ્થિત બંગલા પર ગેરકાયદે કામ બદલ BMCએ અજય દેવગનને ફટકારી નોટિસ!

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

બોલિવૂડ અભિનેતા અજય દેવગનનો મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલો બંગલો બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની તપાસના દાયરામાં આવ્યો છે. નગર નિગમે બંગલાની પ્રોપર્ટી પર ચાલી રહેલા કોમર્શિયલ સલૂન અને સ્પાના કામને તાત્કાલિક અસરથી રોકવા માટે 'સ્ટોપ-વર્ક' નોટિસ ફટકારી છે.

દિવ્ય ભાસ્કર માં
બેસણું અને શ્રદ્ધાંજલિ
હવે ઘેર બેઠાં એક ક્લિક અથવા ફોન પર બુક કરો
BhaskarAd.com 9772019222

કાર્યાલય, નગર પાલિક નિગમ, भिलाई

क्र./ जोन-3/ न.नि./ 2026/ 504/ 231 // ई - प्रोक्यूरमेंट निविदा सूचना // भिलाई, दिनांक 23/09/2026

लोक कर्म विभाग द्वारा निम्नलिखित कार्य हेतु ई-टेंडर आमंत्रित की गई है। जिसका विस्तृत विवरण वेबसाइट http://eproc.cgstate.gov.in पर देखा जा सकता है।

क्र.	कार्य का नाम	सिस्टम टेंडर न.	अनुमानित निविदा लागत (लाख में)	अमानत राशि	ई-टेंडर आमंत्रण दिनांक
01	जोन-03 अंतर्गत ए. सी. सी. चौक से पावर हाउस चौक तक नंदिनी रोड का चौड़ीकरण एवं सौंदर्यीकरण कार्य।	199887	236.00	1,50,000.00	22.09.2026 से 14.10.2026 तक

नोट :- 1. धरोहर राशि / डी. डी. / शपथ पत्र offline जमा करने की अंतिम तिथि दिनांक 16.10.2026 शाम 5:30 बजे तक कार्यपालन अभियंता / जोन आयुक्त नगर पालिक निगम भिलाई के पक्ष में निक्षेप होगा। 2. निविदा में भाग लेने हेतु ठेकेदारों को ई-प्रोक्यूरमेंट वेबसाइट http://eproc.cgstate.gov.in में उपयुक्त श्रेणी में सम्मिलित होना अनिवार्य है। अधिक जानकारी के लिये वेबसाइट पर देखें।

जोन आयुक्त, जोन-3

भा.क.नि. CCI
भारतीय कपास निगम लिमिटेड
(भारत सरकार का उपक्रम – वस्त्र मंत्रालय)
रूड़ा बिल्डिंग, पाँचवी मंजिल,जामनगर रोड, राजकोट-360001

संख्या : भाकनि/राज/विपणन (विक्रय) /2026-27 दिनांक : 26.09.2026

:: निविदा सूचना::

भारतीय कपास निगम लिमिटेड शाखा कार्यालय राजकोट, पूर्ण बंधित रुई की गाँठो के लिए खुली नीलामी आयोजित करता है। खुली नीलामी (Open Auction) की विस्तृत नियम और शर्तें निगम की वेबसाइट www.cotcorp.org.in से प्राप्त की जा सकती हैं। खुली नीलामी 05.10.2026 सुबह 11.00 बजे शाखा कार्यालय राजकोट में आयोजित होगी।

महाप्रबंधक / General Manager

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

कंडला FTZ शाखा : प्लोट नं. ९३, सेक्टर-१, कंडला SEZ, ता. गांधीधाम, जी. કચ્છ - ૩૭૦૨૩૦

स्थावर/ जंगम मिलकतना वेचाण माटेनी वेचाण नोटिस
(એપેન્ડીક્ષ - ૪ - એ) (નિયમ ૬ (૨) અને ૮ (૬) ની જોગવાઈ જુઓ)

धी सिकयोरीटाઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ સાથે સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એકટ, ૨૦૦૨ ના
નિયમ ૬ (૨) અને ૮ (૬)ના પંચાણ હેઠળ સ્થાવર/ જંગમ મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તા (ઓ), ગીરોકર્તા (ઓ) અને જામીનદાર (ઓ)ને ખાસ કરીને નોટિસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર/ જંગમ મિલકત જે બેંક ઓફ બરોડાને મોર્ગેજ / ચાર્જ કરેલી છે અને તેનો સિકયોર્ડ કેડીટર તરીકે બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી દ્વારા કબજો મેળવી લેવામાં આવ્યો છે જેને નીચે દર્શાવેલ ખાતા/ઓની બાકી લેણાંની વસૂલાત માટે સાંકેતિક કબજા હેઠળ "જ્યાં છે ત્યાં છે", "જેમ છે તેમ છે" અને "જે રીતે છે તે રીતે"ના આધારે ઈ- હરાજીથી વેચાણ કરશે. ઋણકર્તાઓ/ ગીરોકર્તાઓ/ જામીનદારો/ સંપતિઓ/ બાકી લેણાં/ અનામત કિંમત / ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા બીડ વધારાની રકમ નીચે મુજબ છે.

ક્રમ / લોટ નં.	સિકયોર્ડ કેડિટર (શાખા) નું નામ અને ઉધારકર્તા/ ઓ અને જામીનદાર/ ઓ/ મોર્ગેજર/ ઓ નાં નામ અને સરનામા	સ્થાવર/ જંગમ મિલકતોનું વર્ણન અને જો કોઈ બોજો જાણમાં હોય તો	બાકી લેણાં (તા. ૧૧.૦૫.૨૦૨૬ મુજબના)	ઈ-હરાજીની તારીખ અને સમય	અનામત કિંમત અને ઈ.એમ.ડી. રકમ (રૂા.)માં	કબજાનો પ્રકાર (કન્સ્ટ્રકટીવ/ પ્રત્યક્ષ)	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય
૧	કંડલા FTZ શાખા, જી. કચ્છ ઉધારકર્તા : મે. ઓસ્વાલ એગ્રીઈપેક્ષ પ્લોટ નં. ૧૩, ૧૪, ૧૫ અને ૨૪, સેક્ટર-૨, KASEZ, કંડલા, કચ્છ, ગુજરાત ૩૭૦૨૩૦ ભાગીદારો અને જામીનદાર : (૧) શ્રી મુકેશકુમાર આર. પારેખ, પ્લોટ નં. ૧૫૭, સેક્ટર ૪, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, (૨) શ્રી ઘનશ્યામકુમાર ચંપકલાલ પારેખ, પ્લોટ નં. ૧૭૯, સેક્ટર ૪, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, (૩) શ્રી મોહિત શાંતિલાલ ઝેલરીયા, C/o. શાંતિલાલ ઝેલરીયા, ટેનામેન્ટ નં. ૧, પ્લોટ નં. ૭૮, બ્લોક ૮/બી, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, (૪) શ્રી કુશલરાજ ગેકચંદ પારેખ, C/o. ગેકચંદ પારેખ, પ્લોટ નં. ૧૭૮, સેક્ટર ૪, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, (૫) શ્રી સિધ્ધાર્થ શાંતિલાલ પારેખ, શાંતિલાલ પારેખ ના પુત્ર, પ્લોટ નં. ૧૮૩, સેક્ટર ૪, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, જામીનદાર : શ્રી પારેખ ફેમીલી ટ્રસ્ટ, ડી-૯૪, ઝંડા ચોક, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧, મોર્ગેજર અને જામીનદાર : શ્રી ચંપકલાલ ગેકચંદ પારેખ - મૃતક ગેકચંદ પારેખ ના પુત્ર, પ્લોટ નં. ૧૮૩, સેક્ટર ૪, ગાંધીધામ, કચ્છ - ૩૭૦૨૦૧	૨સ્થાવર મિલકત : રજીસ્ટર્ડ ઈકવીટેબલ મોર્ગેજ કરેલ લીઝ હોલ્ડ જમીન ઉપર બંધાયેલ સિવિલ/ શેડ : જે પ્લોટ નં. ૧૩, ૧૪, ૧૫ અને ૨૪, સેક્ટર-૨, કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન, ગાંધીધામ, જી. કચ્છ, ગુજરાત ખાતે સ્થિત છે. જે મે. ઓસ્વાલ એગ્રીઈપેક્ષ (ઉધારકર્તા) ના નામની છે. ઉત્તર : રસ્તો, દક્ષિણ : પ્લોટ નં. ૧૨ અને ૨૩, પૂર્વ: રસ્તો, પશ્ચિમ : રસ્તો પેઢીની કારખાનાની બિલ્ડીંગ ખાતેની સ્થાપિત તમામ પ્લાન્ટ અને મશીનરી, ઈકવીપમેન્ટ, સ્થાવર મશીનરીઓ, ઈલેકટ્રીકલ ઈન્સ્ટોલેશન, ફર્નિચર અને ફિક્ષ્ચર્સ, ઓફિસ ઈકવીપમેન્ટ, કીજી સેટ, સ્ટોરેજ ટેન્ક અને અન્ય જંગમ ફિક્ષ્ડ મિલકતો વર્તમાન અને ભવિષ્યની વગેરેનું હાઈપોથીકેશન : જે પ્લોટ નં. ૧૩, ૧૪, ૧૫ અને ૨૪, સેક્ટર-૨, કેએસઈઝેડ, કંડલા, કચ્છ-૩૭૦૨૩૦ ખાતે સ્થિત છે. જે મે. ઓસ્વાલ એગ્રીઈપેક્ષ ના નામની છે.	તા. ૧૧.૦૫.૨૦૨૬ના રોજના રૂા. ૧૯,૪૬,૭૧,૦૫૧.૭૬/- અને USD ૩,૪૫,૦૦૦/- શબ્દોમાં (રૂપિયા ઓગણીસ કરોડ છેતાલીસ લાખ એકોતેર હજાર એકાવન અને છોતેર પૈસા પુરા અને USD ત્રણ લાખ પીસ્તાલીસ હજાર પુરા) સાથે તેના ઉપર લાગુ વ્યાજ + ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત લાગુ વ્યાજ અને ચાર્જીસ તથા ડિમાન્ડ નોટિસ મળ્યા પછીની રીકવરી રકમ બાદ + સંપુર્ણ રકમની ચુકવણી સુધીના તેના પર કરાર આધારિત દરે લાગુ ચકત વ્યાજ + કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ	૩૦.૧૦.૨૦૨૬ બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	અનામત કિંમત : ૪,૩૨,૯૦,૯૦૦ ઈ.એમ.ડી. : ૪૩,૨૯,૦૯૦ બીડ વધારાની રકમ : ૪,૩૫,૦૦૦ અનામત કિંમત : ૪,૫૦,૦૦,૦૦૦ ઈ.એમ.ડી. : ૪૫,૦૦,૦૦૦ બીડ વધારાની રકમ : ૪,૫૦,૦૦૦	સાંકેતિક	૧૫.૧૦.૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી

ઈએમડી રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૯.૧૦.૨૦૨૬, સાંજે ૬:૦૦ કલાક સુધી

મિલકત વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે વેબસાઈટ https://www.bankofbaroda.bank.in/e-auction.htm અને https://baanknet.com માં આપવામાં આવેલ લિંકનો સંદર્ભ લો. તદુપરાંત, સંભવિત બીડરો વધુ માહિતી માટે અધિકૃત અધિકારી - કંડલા FTZ શાખા : મો. ૯૬૮૭૬ ૩૬૪૪૮ ઉપર સંપર્ક કરી શકાશે.

સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૬ (૨) અને ૮ (૬) હેઠળની ૩૦ દિવસની વૈધાનિક નોટિસ

તારીખ : ૨૫.૦૯.૨૦૨૬, સ્થળ : કંડલા (આ હરાજી નોટિસનું અંગ્રેજીમાંથી પ્રાદેશિક (ગુજરાતી) ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ સંતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

SCAN HERE

ભાસ્કર CLASSIFIED
BhaskarAd.com
હવે Classified Ad ઓનલાઈન બુક કરો
Call: 9772019222

નોકરી વિષયક APPOINTMENT

એન્જીનીયર્સ

BPCL में कॉन्ट्रैक्ट बेसिस पर इंजीनियर्स की आवश्यकता है, शैक्षणिक योग्यता मैकेनिकल और सिविल इंजीनियरिंग कार्य क्षेत्र मध्य प्रदेश और गुजरात, अनुभव 3 वर्ष न्यूनतम, संपर्क: 9425887740, 9324918109, 9829230173, CV भेजे: rssikarwar18@gmail.com

અન્ય

Urgent requirement
israel 2 lec+ selery
25 vacancy only
mo. 7861023736

નામ પરીવર્તન

હું, બજરંગલાલ ગુપ્તા મારા માઈનોર પુત્રનું નામ ગુપ્તા કપિલ બજરંગ બદલીને કપિલ બજરંગલાલ ગુપ્તા રાખેલ છે. સરનામું. ઘર નં. 49-60 -1 રિવેરા એલીગન્સ 3 એસ. નં. 545. 1 વરસામેડી અંજાર કચ્છ 370110.

નામ બદલાવેલ છે

આથી હું કરમણ રણછોડ ડાંગર રહે. ધાણેટી, તા. ભુજ - કચ્છ, ગુજરાત ૩૭૦૦૨૦ મારા સગીર પુત્ર કનૈયા કરમણભાઈ ડાંગર વતી એમ જાહેર કરું છું કે પહેલા તે કનૈયા કરમણ ડાંગર તરીકે ઓળખાતો હતો પણ હવેથી તે કનૈયા કરમણભાઈ ડાંગર તરીકે ઓળખાશે.

નામ બદલાવેલ છે

હું વાજિદા તબસ્સુમ રશીદ ચૌધરી, રહે.મુંદરા. પહેલા હું વાજિદા તબસ્સુમ વાલા તરીકે ઓળખાતી હતી. હવેથી હું વાજિદા તબસ્સુમ રશીદ ચૌધરી તરીકે ઓળખાઈશ.

દિવ્ય ભાસ્કર
સાચી વાત, બેધડક

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઈપણ ખર્ચ ઉઠાવવા અથવા કોઈપણ વાયદા કરાર પર અમલ કરતા પહેલા જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ કરારની જવાબદારી લેતુ નથી. પ્રકાશક, સંપાદક અને માલિક, - દિવ્ય ભાસ્કર પ્રકાશન સમૂહને કોઈપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.

ભાસ્કર CLASSIFIED
વેચવાનું / ભાડે પર આપવાનું છે?
જેમ કે
ઓફિસ
શોરુમ
શોપ
આજે જ દિવ્ય ભાસ્કરમાં આપો
પ્રોપર્ટી ની જાહેરાત



BhaskarAd.com
ક્લાસિફાઇડ જાહેરાત બુકિંગ કરો સરળતાથી
9772019222
બુકિંગ માટે સ્કેન કરો